# ડીસામાં ભંગાર માર્ગોની દશા ઠેરની ઠેર

ડીસા, તા. ૫

ડીસા શહેરમાં ભાજપની બોડીએ સતા સંભાળી ત્યારે પ્રમુખે




લોકોને વચન આપ્યું હતું કે ટુંકા ગાળામાં શહેરના તમામ ખખડધજ માર્ગો નવા બની જશે અને આપણું શહેર સ્વચ્છ શહેર બની જશે. પરંતુ આજે મુખ્ય માર્ગો મગરની પીઠ જેવા ભાસી રહ્યા છે.

શહેરના એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલથી પાટણ તરફ જતા માર્ગ પર હરીઓમ હાઈસ્કુલ સામે ઘણા વર્ષોથી રોડની હાલત ભંગાર છે. વર્ષોથી અહી ડામર ઉખડેલી હાલતમાં છે. અને મૈટલ બહાર આવી ગયા છે. ખાડા ટેકરા અને ધુળ ભર્યા અને માર્ગમાં પસાર થવું વાહન ચાલકો માટે લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થઈ રહ્યું છે.



એક બાજુ ત્રણ સ્કુલોના વિદ્યાર્થીઓનો ટ્રાફિક અને બીજી તરફ ખખડધજ રોડ ગમે તેવા વાહનનું આયુષ્ય નાનું કરી દેવા માટે પુરતો બની રહ્યો છે. બન્ને તરફ ઢાળ હોવાથી ખખડધજ માર્ગમાં ટ્રાફિક વચ્ચે પસાર થવું વાહન ચાલકો માટે મુશ્કેલ બની રહે છે. જ્યારે રીસાલા બજાર, ગાંધીચોકથી અખ્ખર અને ગવાડી રાજપુર તરફ જતો માર્ગ તેમજ સોની બજાર ચોકડીથી શિવનગર ટેકરા તરફ જતો માર્ગ પણ વર્ષોથી બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યો છે. જ્યારે અન્ય શ્રીમજીવી વિસ્તારોના માર્ગો પર ભંગાર ભાસી રહ્યા છે. આવા માર્ગ પર ચોમાસામાં ભારે ગંદકી અને કાદવ કીચડ સર્જાય છે. અને અંતરિયાળ ગામડાથી પણ સ્થિતી વધારે બદતર બને છે. શહેરની તમામ ખખડધજ માર્ગોને નવો ઓપ આપવા માટે

કોંગ્રેસની બોડીએ પણ વચન આપ્યા હતા. પરંતુ હજુ સુધીસ અમુક રોડને બાદ કરતાં મોટા ભાગના માર્ગોની દશા ઠેરની ઠેર બની રહેવા પામી છે. ત્યારે શહેર વાસીઓને અધતન માર્ગોનું સ્વપ્ન ક્યારે પુરૂ થશે તે સવાલ ઉભો થયો છે.



## પાલનપુરના ગાયત્રી શક્તિપીઠ ખાતે યોજાયેલા હવનમાં ૫૦૦થી વધુ પરીક્ષાર્થીઓએ ભાગ લીધો

આજે પાલનપુર ખાતે પણ પાંચસોથી વધુ વિદ્યાર્થીઓએ ગાયત્રી શક્તિપીઠ ખાતે હોમ - હવનમાં ભાગ લીધો હતો અને પરીક્ષાનો ભય દુર કરી આત્મ વિશ્વાસ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પાલનપુરમાં ગાયત્રી શક્તિપીઠ ખાતે એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડના પરીક્ષાર્થીઓ માટે ૨૫ કુંડી ગાયત્રી યજ્ઞ અને સરસ્વતી પૂજનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે કાર્યક્રમમાં ૫૦૦ જેટલા પરીક્ષાર્થીઓએ ભાગ લીધો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા સફાઈ કામદારો માટે મેડીકલ કેમ્પ યોજાયો

**૩૦૦થી વધુ સફાઈ કામદારોના પરિવારજનોએ કેમ્પનો લાભ લીધો : નવા જિલ્લા પોલીસ વડા આવ્યા બાદ પોલીસની છબી આમ આદમીના દિમાગમાં સુધારવાની શરૂઆત**

મોડાસા, તા. ૫

મોડાસા શહેરના બંધન પાર્ટી પ્લોટમાં અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા એક મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સફાઈ કામદારોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો.

'પોલીસ પ્રજાનો મિત્ર' આ કહેવત સાબરકાંઠા જિલ્લાની પોલીસમાં ખોવાઈ ગઈ હતી. પરંતુ અરવલ્લી જિલ્લો અલગ બન્યા બાદ નવા જિલ્લા પોલીસ વડા તરીકે યુવાન મયુર ચાવડો હોદ્દો સંભાળ્યા બાદ આમ પ્રજા અને પોલીસ વચ્ચેનું અંતર ઘટાડવા માટે મોડાસાના બંધન પાર્ટી પ્લોટમાં અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારો તથા પરિવારજનો માટેના મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૩૦૦થી વધુ કામદારો તથા પરિવારજનોએ ઉપસ્થિત રહી વિવિધ રોગની સારવાર માટેની કૂપનો મેળવી હતી.

આ પરિવારજનોનો ઓર્થોપેડીક, ગાયનેક, ઈએનટી જેવી વિવિધ સારવાર મોડાસાના ખ્યાતનામ હોસ્પિટલોમાં મળશે. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા, જિલ્લા કલેક્ટર બી. જે. ભટ્ટ, ડાવીયએસપી ઝાલા, મોડાસા નગરપાલિકા પ્રમુખ એસ. આર. પટેલ, પૂર્વ પ્રમુખ શૈલેષભાઈ ભોઈ સહિત વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ સુંદર કાર્યક્રમનું આયોજન મોડાસા ટાઉન પી.આઈ. મકેશ પટેલ તથા પી.એસ.આઈ. વિરલ પટેલની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોડાસા નગરપાલિકાના ચીફ ઓફિસર એલ.બી. દેસાઈ તથા તેમની ટીમે ખડેપગે હાજર રહી સેવા બજાવી હતી.




## પ્રાંતિજમાં કડવા પાટીદાર મંડળ દ્વારા દીકરી વધાવો કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૫

દીકરો દીકરી એક સમાજમાં ઘટતી જતી દીકરીઓની સંખ્યાને લઈને ચિંતિત સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોગલું ગામના ગામના બાવન ગોર કડવા પાટીદાર સમાજના પોગલું યુવક મંડળે બેટી બચાવો અને બેટી વધાવો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પ્રાંતિજ ખાતે આજે ગોર કડવા પાટીદાર સમાજવાડી ખાતે પોગલું ગામમાં સમાજની વર્ષ ૨૦૧૩માં જન્મેલી સાત દીકરીઓનું રોકડા રૂા. ૩ હજારનું સર્ટી અને એક સન્માનપત્ર સાથે દીકરીઓના વધામણા અને તેમના માતા-પિતાનું સન્માન સમાજના અગ્રણીઓના હસ્તે કરવામાં આવ્યું હતું.

## બનાસકાંઠા જિલ્લા કોષાધ્યક્ષની વરણી

પાલનપુર, તા. ૫

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિ વર્ષમાં રાજ્યના યુવક સેવા સાંસ્કૃતિક વિભાગ સંલગ્ન અસ્તિત્વમાં આવેલ બનાસકાંઠા જિલ્લા સ્વામી વિવેકાનંદ યુવા શક્તિ કેન્દ્રના જિલ્લા કોષાધ્યક્ષ પદે યુવા અગ્રણી મેહુલભાઈ એલ. ગઢવીની નિયુક્તિ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે મેહુલભાઈ ગઢવી બનાસકાંઠા જિલ્લા ભાજપ યુવા મરોચાના કારોબારી સભ્ય પણ છે. તેમની નિયુક્તિને જિલ્લાના યુવા કાર્યકર્તાઓએ હર્ષભેર આવકારી છે.

## હિંમતનગરમાં મીની સાયકલ રેસનો કાર્યક્રમ યોજાયો

હિંમતનગર, તા. ૫


૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં થનાર છે ત્યારે તેના ભાગરૂપે રવિવારે હિંમતનગરમાં વહીવટી તંત્ર દ્વારા મીની સાયકલ રેસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત પ્રકૃતિનું જતન અને લોકોમાં પર્યાવરણ અંગે જાગૃતિ આવે તે આશયથી આ મીની સાયકલ રેસને જિલ્લા પોલીસ વડાની કચેરીથી કલેક્ટર બંછાનિધી પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન. એમ., પોલીસ વડા ચિરાગ કોરડીયા, અધિક કલેક્ટર ધાનાણી તથા પાલિકા પ્રમુખ શંકરભાઈ કહારની ઉપસ્થિતિમાં રેલીને લીલી ઝંડી આપી પ્રસંથાન કરાવવામાં આવ્યું હતું.

આ રેલી શહેરના મોતીપુરા સર્કલ, ખેડ - તસીયા રોડ, મહાવીર નગર ચાર રસ્તા અને ટાવર રોડ થઈ મહેતાપુરાથી પરત પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે આવી હતી. આ ૫ કિ.મી.ની સાયકલ રેસમાં અંદાજે ૧૫૦થી વધુ સાયકલીસ્ટો તથા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને અગ્રણી નાગરિકોએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો.

# સ્વામીનારાયણ મંદિરમાં શાકોત્સવ કાર્યક્રમ યોજાયો : વર્ષો જુની પરંપરા

પ્રાંતિજ, તા. ૫

શહેરમાં આવેલ



સ્વામીનારાયણ મંદિર ખાતે દર વર્ષની જેમ તા. ૫ રવિવારના રોજ શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ ભાગ લીધો હતો.

પ્રાંતિજના સ્વામીનારાયણ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શિયાળાની ઋતુ દરમ્યાન શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બહેનો દ્વારા ઈંટોના ચૂલા બનાવી મધુરમીઠા રોટલા બનાવવામાં આવ્યા હતા. ભક્તોને પિરસવામાં આવ્યા હતા.

વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ હરિભક્તો દ્વારા શાકોત્સવનું આયોજન કરવામાં આવે છે. વર્ષો પહેલા સૌરાષ્ટ્રના લોથા ગામમાં સ્વામીનારાયણ ભગવાને ૧૮ મણ ચોખ્ખુ ઘી, અને ૧૮ મણ રીંગણાનું શાક બનાવીને હરિભક્તોને પ્રસાદ રૂપે ભોજન કરાવવામાં આવ્યું હતું. ત્યારથી આ પરંપરાને જાળવવામાં આવે છે તેમ મહંત માધવદાસજીએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કોઈપણ વાર તહેવાર કે સારા દિવસે અનેક સેવાભાવી કાર્યક્રમો કરવામાં આવે છે. અને આવા કાર્યક્રમો મોટી સંખ્યામાં હરિભક્તો પોતાનું યોગદાન આપે છે.



# હિંમતનગરમાં બેન્ડ પરેડ નિદર્શન રેલી યોજાઈ

હિંમતનગર, તા. ૫

પ્રજાસત્તાક દિનની ઉજવણી પૂર્વે રવિવારે હિંમતનગરમાં પોલીસ વિભાગના બેન્ડ પરેડનું નિદર્શન કરતી રેલીનું આયોજન કરાયું હતું. પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી નીકળેલી આ રેલીને રાજ્યના પોલીસ મહાનિર્દેશકે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ અંગે જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયાના જમાવ્યા અનુસાર સાબરકાંઠા સુરક્ષા સેતુ સોસાયટીના ઉપક્રમે રવિવારે બેન્ડ પરેડ નિદર્શન અંતર્ગત રેલીનું આયોજન કરાયું હતું.

આ રેલીને રાજ્યના પોલીસ મહાનિર્દેશક પી. સી. ઠાકુરે લીલીઝંડી આપી હતી. ત્યારબાદ રેલી બેન્ડની સુરાવલીઓ સાથે રેલીમાં જોડાયેલા અંદાજે ૨૫૦થી વધુ વિભાર્થીઓ અને પોલીસ વિભાગના કર્મચારીઓએ શિસ્તબદ્ધ રીતે શહેરના વિવિધ રસ્તાઓ પર થઈ પસાર થતાં હિંમતનગરવાસીઓમાં તે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આ રેલીમાં અમદાવાદની લોટ્સ, રઘુનાથ, દુર્ગા, મહાત્મા ગાંધી અને બીવીડી હાઈસ્કૂલના બાળકોએ ભાગ લીધો હતો. આ રેલીમાં પોલીસ બેન્ડની ટીમે રેલીની આગેવાની લીધી હતી. આ રેલી પોલીસ ગ્રાઉન્ડથી નીકળી સિવિલ સર્કલ, ટાવર ચોક થઈ મહાવીરનગર ચાર રસ્તા પર પૂર્ણ થઈ હતી. જ્યાં રેલીમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને ટાઉન પી.આઈ. એ. બી. વાટલીયાના હસ્તે સન્માનપત્રો અપાયા હતા.




## પાલનપુર ખાતે બી.એલ.ઓ.ને અપાઈ તાલીમ

લોકસભાની ચૂંટણીને લઈને જિલ્લા પ્રશાસન સજ્જ બન્યું છે. આજે પાલનપુરના લાલ બંગલા ખાતે તાલીમ શિબિર યોજી હતી. જેમાં ૩૦થી વધુ બી.એલ.ઓ.ને તાલીમ આપવામાં આવી હતી. (હરેશ જોષી, પાલનપુર)

## મોદી યુવક મંડળ હિંમતનગર દ્વારા વાર્ષિકોત્સવ ઉજવાયો

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના ટાઉનહોલ ખાતે રવિવારે મોદી યુવક મંડળ હિંમતનગર દ્વારા વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમ અને તેજસ્વી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવને સફળ બનાવવા મંડળના પ્રમુખ વિપુલકુમાર મોદી, મંત્રી અનિલકુમાર મોદી સહિત જ્ઞાતિજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# હિંમતનગરમાં ષષ્ટમ કલાસાધક સંગમ મહોત્સવની પૂર્ણાહૂતિ

હિંમતનગર, તા. ૫

વિસરાતી જતી દેશની કલાઓની ઓળખ કરાવવા માટે સંસ્કાર ભારતી હિંમતનગર દ્વારા ટાઉનહોલ ખાતે ષષ્ટમ કલા સાધક સંગમ મહોત્સવનું આયોજન કરાયું હતું. જેના ભાગરૂપે શનિવારે સાંજે તેનો પ્રારંભ કરાયો હતો અને રવિવારે આ મહોત્સવની પૂર્ણાહૂતિ થઈ હતી. જે પ્રસંગે સાતમી સદીથી પણ અતિદુર્લભ ચલણી સિક્કાનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

હિંમતનગરના ટાઉનહોલ ખાતે યોજાયેલા આ મહોત્સવ દરમિયાન લુપ્ત થતી કલાઓના ભાગરૂપે રાવણહથ્થો, ચરોત્તરનું પખાવજ, શરણાઈ, કચ્છનું મોરચંગ વાદ્ય, મદારી મોરલી, જોડીયા પાવા, સૌરાષ્ટ્રના લોકનૃત્ય, દક્ષિણ ગુજરાતનું તરાપુ, માતાજીની ચરજ, ચોઘડિયું, મરસીયા, ભવાઈ - ભૂંગળ સહિતની કલાઓને પ્રસ્તુત કરવામાં આવશે. શનિવારે રાત્રે ટાઉનહોલ ખાતે યોજાયેલા ઉદ્ઘાટક પ્રસંગે મંત્રી રમણલાલ વોરા તથા ગૃહ રાજ્ય મંત્રી પ્રફુલ પટેલે લુપ્ત થતી કલાઓના વારસાને સાચવી રાખવા માટે સંસ્કાર ભારતી હિંમતનગર દ્વારા રાજ્ય કક્ષાના યોજાયેલા આ મહોત્સવની સરાહના કરી હતી તેમજ આજની યુવા પેઢીને તેની ઓળખ કરાવવા માટે કરાયેલા પ્રયાસોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ શંકરભાઈ કહાર, પૂર્વ જિલ્લા પ્રમુખ જે. ડી. પટેલ, સંસ્કાર ભારતીના અધ્યક્ષ ડૉ. મહેન્દ્રભાઈ સોની, સંયોજક જગદીશભાઈ જોષી, વિભાગ સંયોજક તુષારભાઈ ગાંધી અને પ્રાંત સંયોજક પ્રકાશભાઈ વૈદ્યે ઉપસ્થિત રહી મહોત્સવ અંતર્ગત પૂરક માહિતી રજૂ કરી હતી. આજની યુવા પેઢી માટે આ કાર્યક્રમ એક સંભારણું રૂપ હોય તેમ યુવા વર્ગે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી મહોત્સવને માણ્યો હતો.

આ અંગે સંસ્કાર ભારતીના અધ્યક્ષ ડૉ. મહેન્દ્રભાઈ સોની અને જિલ્લા સંયોજક જગદીશભાઈ જોષીના જણાવ્યા અનુસાર ષષ્ટમ કલા સાધક સંગમ મહોત્સવ અંતર્ગત રવિવારે પૂર્ણાહૂતિ પ્રસંગે મહિલા સંમેલનનું આયોજન કરાયું હતું. જેમાં બેટી બચાવો અને મહિલાઓ પર થતાં અત્યાચારો રોકવા માટે મનનીય પ્રવચન આપવામાં આવ્યું હતું.

આ મહિલા સંમેલનમાં ભાજપ મહિલા મોરચાના પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યાકુંવરબા, બ્રહ્માકુમારી ચંદ્રીકાબેન, મહિલા વનવાસી કલ્યાણ પરિષદના ગાયત્રીબેન વ્યાસ તથા પ્રભાબેન દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

## મોહનપુર ગામે ઘર આગળ પાર્ક કરેલું બાઈક ચોરાતા ફરિયાદ

હિંમતનગર, તા. ૫

ભિલોડા તાલુકાના મોહનપુર ગામે ગત તા. ૨૨ થી ૨૪ ડિસેમ્બર દરમિયાન ઘર આગળ પાર્ક કરેલ રૂ. ૧૦ હજારની કિંમતનું બાઈક અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. જે અંગે શોધખોળ કરવા છતાં કોઈ પત્તો ન મળતા રવિવારે બાઈકના માલિકે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે દઢવાવ ગામના દિલીપભાઈ કુબેરભાઈ પટેલ ગત તા. ૨૨થી ૨૪ ડિસેમ્બર દરમિયાન રૂ. ૧૦ હજારની કિંમતની કિંમતના બાઈક નંબર જીજે-૦૯-સી.જી.-૭૪૧૯ને મોહનપુર ગામે રહેતા તેમના મિત્ર મુકેશભાઈ સવજીભાઈ પટેલના ઘર આગળ પાર્ક કરીને મૂક્યું હતું. દરમિયાન રાત્રે અજાણ્યા શખ્સોએ આવી બાઈકની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે દિલીપભાઈએ તપાસ કરવા છતાં બાઈકનો કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી તેમણે રવિવારે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્સ્ત્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન